જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૦૮/૨૦૧૬ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૫૪/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૬ કેસ કરી, ૫૬ વ્યક્તિઓને ઝડપી ૧૯૩ લીટર દેશી દારૂ, ૩૦૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૫૪૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૦૬૦ બિયર ટીન, બોલેરો ગાડી અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૨૨ કેસ કરી ૯૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૨,૯૬,૩૮૪/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૫૫૫/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૬ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## અપહરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૫૬/૧૬

**શહેરકોટડાઃ** ભાનુબહેન ત્રીકમભાઈ પરમાર (ઉ.વ.૧૬) (રહે.મારવાડીના છાપરાં સુરજીત એપાર્ટમેન્ટ પાસે સરસપુર) ને તા.૨૨/૮/૧૬ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી અજય મહાવીર (રહે.જાદવનગર હેલ્મેટ ચાર રસ્તા પ્રેમનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ ભાનુબહેનની માતા મણીબહેન પરમારે તા.૨૫/૮/૧૬ નારોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.પો.કમિ.શ્રી ડી ડીવીજન ચલાવે છે.

## દુષ્પ્રેરણની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૫૫૭/૧૬

**સાબરમતીઃ** જસવંતભાઈ પ્રહલાદભાઈ પંચાલ (રહે.રામકૃષ્ણ સોસાયટી ઉત્તમનગરની પાછળ મણીનગર) એ તા.૨૫/૮/૧૬ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે જસવંતભાઈની પુત્રી બીનાબહેને તેના પતિ ચેતનકુમાર બળદેવભાઈ (રહે.આશ્રય ગોલ્ડ ફ્લેટ ખોડીયાર મંદિર પાસે ન્યુ રાણીપ) અને સાસરીયાના સભ્યો શારીરીક અને માનસીક ત્રાસ આપતા હોઈ તા.૧૩/૮/૧૬ બપોરના સમયે બીનાબહેને આત્મહત્યા કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી એન સાધુ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૮/૧૬**

**કૃષ્ણનગરઃ** સૌરભભાઈ સુબોધભાઈ ગુપ્તા (રહે.જયાનંદ સોસાયટી કૃષ્ણનગર) એ તા.૨૫/૮/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૮/૧૬ રાતના ૮/૦૦ થી તા.૨૪/૮/૧૬ રાતના ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના પાછળના ભાગે જાળીના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને વિદેશી ચલણ ન્યુરો ૫૦૦ મળી કુલ રૂપિયા ૧,૬૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે રાઠોડ ચલાવે છે.

**ત્યજી દિઘેલ મૃત શિશુ (બાળકી) મળી આવવા બાબતઃ-** **સમાચાર યાદી નં.૧૫૫૯/૧૬**

**ઓઢવઃ** તા.૨૫/૮/૧૬ કલાક ૬/૩૦ વાગ્યા પહેલા ઓઢવ પોલીસને ઓઢવ સુવાસ ઓરમ ફ્લેટ સામે ખુલ્લા મેદાનમાંથી (મૃત બાળકી) શિશુ ત્યજી દીઘેલ હાલતમાં મળી આવતા અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી એન ચૌધરી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)